# આ છે પાટનગરનું 'સ્વચ્છ' પર્યાવરણ...!!!

તાજેતરમાં તા. ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની રાજયભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી અને આ વર્ષે વિશ્વ પર્યાવરણની ઉજવણીનું યજમાન ભારત છે તેમજ તેની થીમ 'બીટ ધ પ્લાસ્ટિક પોલ્યુશન' હોવાથી રાજય સરકારે મોટા ઉપાડે ચોમાસા પહેલા એક સપ્તાહમાં જાહેર સ્થળોએથી પ્લાસ્ટિક કચરો ઉપાડી લેવાના અભિયાનની હોંશભેર જાહેરાત પણ કરી દીધી છે. જો કે આ જાહેરાત થયા પછી રાજયના પાટનગરમાં જ સ્વચ્છતાની શું હાલત તેમજ સ્વચ્છતા જાળવવા માટે પાટનગરના રાજમાર્ગો પર અઢળક નાણાં ખર્ચીને મુકવામાં આવેલી ડસ્ટબીનોની શું હાલત છે તે જોવાની પણ તંત્રએ તસ્દી લીધી હોય તેવું લાગતું નથી. શહેરના માત્ર કેટલાક વિસ્તારમા ફરીને ગાંધીનગર સમાચારે વાસ્તવિકતા જાણવા પ્રયત્ન કર્યો છે જેના પરથી સમગ્ર પાટનગરમાં સ્વચ્છતાની શું સ્થિતિ હશે તેનો ચિતાર આપોઆપ મળી જાય છે.



શહેરના રાજમાર્ગો પર ગત વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મુકવામાં આવેલી પ્લાસ્ટિકની રૂપકડી ડસ્ટબીનોમાં જ કચરો બાળવાને કારણે ડસ્ટબીનની હાલત કંઈક આવી છે.



સેકટર-૧૫માં ગ માર્ગ પર જલસેવા તાલીમ ભવનના દરવાજે મુકાયેલી ડસ્ટબીનના અવશેષો.



ડસ્ટબીન હયાત હોય તો સમયસર ખાલી ન કરાય, જેથી બાજુમાં કચરાના ઢગ ખડકાય, ગ માર્ગ પર સે-૧૨/૧૩ના ક્રોસ રોડ પરની હાલત.



જયા હંગામી ટોયલેટ મુકાયું છે ત્યાં પાણીનો બગાડ અને ગંદકી. સ્થળ સીટી બસ સ્ટોપ નજીક પેટ્રોલ પંપ પાસે સે-૬.



ડસ્ટબીન મુકવામાં આવી જાહેર જનતા માટે પરંતુ પથિકાશ્રમ સર્કલે તે બની ફેરિયાની પ્રાઈવેટ પ્રોપર્ટી.



વાઈબ્રન્ટ સમિટ જેવા વૈશ્વિક સ્તરના કાર્યક્મો જયાં યોજાય છે તેની નજીક ખ માર્ગ પર ગાયો માટે રોજ કચરો આરોગવાની મહેફિલ યોજાય છે.



સે-૬માં ઘ-૩ સર્કલ નજીક ખાલી ના થતી વધુ એક ડસ્ટબીન.



ડસ્ટબીન ખાલી કરીને કચરો લઈ જવાની હાથગાડી જયાં ત્યાં કચરા સાથે મુકી દેવાથી શ્રમજીવી પરિવારોના બાળકોના આરોગ્ય સામે જોખમ. સ્થળ ઘ રોડ સે-૬.



ઘ રોડની આસપાસ વન વિભાગની ફેન્સિંગમાં પ્લાસ્ટિકનું સામ્રાજય.




બસસ્ટોપની બાજુમાં ડસ્ટબીન મુકી તો દીધી પણ ખાલી ના કરાતી હોવાથી હવે બસસ્ટોપ પર મુસાફરોએ ઉભા કેમનું રહેવું??



એસ.ટી. ડેપો સામે બેરિકેડસ પાછળ સંતાઈ ગયેલી ડસ્ટબીન કચરાથી બચી રહી છે.



સે-૭ના પ્રવેશદ્વારે ડસ્ટબીનની થયેલ અંતિમક્રિયા.



ચ-૨ સર્કલે ડસ્ટબીનમાંથી ભોજન શોધતાં શ્વાન હવે બધી સામગ્રી ફુટપાથ પર પાથરશે.



ચ રોડ પર હજુ પણ રૂપકડી ડસ્ટબીનના અવશેષો મળી આવે છે.



સે-૭/૮ના ક્રોસીંગ પર ડસ્ટબીનોની ભરમાર પરંતુ સ્વચ્છતા નહીં લગાર...!!!

## આજે કડંકટરની સ્પર્ધાત્મક પરીક્ષા

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આવતીકાલે ૧૦મી જૂને લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. રાજયના જુદા જુદા જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર બપોરે ૧૧ થી ૧ કલાક દરમિયાન પરીક્ષા લવાશે. જેમાં હજારો યુવાનો આ પરીક્ષા આપશે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કડંકટરની વિવિધ ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતી અંગે કુલ ૧૯૯૭ જગ્યાઓ માટે ઓનલાઈન જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ જાહેરાતના સંદર્ભે મોટી સંખ્યામાં રાજયના રોજગાર વાંચ્છુકોએ ઉમેદવારી નોંધાવી હતી. નિગમ દ્વારા આવતીકાલ ૧૦મી જૂને વિવિધ કેન્દ્રો પર ૧૦૦ ગુણની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા કુલ ૨ કલાક દરમિયાન લેવામાં આવશે. જેમાં ભૂગોળ, ઈતિહાસ, ગ્રામર, સામાન્ય અભ્યાસ, અંગ્રેજી, રીઝનીંગ, કમ્પ્યૂટર, વર્તમાન પ્રવાહો, કડંકટર અને વાહનને લગતી પ્રાથમિક માહિતી બાબતે પ્રશ્નો પુછવામાં આવશે.

## લવારપુર ખાતે સર્વાંગી પ્રાકૃતિક ચિકિત્સા સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર તાલુકાના લવારપુર-સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે તા. ૧૦મી જૂન રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ વાગે નીમા ફાઉન્ડેશન - ગાંધીનગરના ઉપક્રમે સર્વાંગી પ્રાકૃતિક ચિકિત્સા સારવાર નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નટુભાઈ પટેલ - હોબીસ્ટીક હીલર યુ.એસ.એ. દ્વારા સર્વાંગી પ્રકૃતિ ચિકિત્સા પદ્ધતિથી સાંધાના દુઃખાવા અને જટીલ રોગોની સારવાર તેમજ ઓપરેશન વગર કુદરતી ઉપચારથી ઢીંચણનો દુઃખાવો દૂર કરવો જેવી સારવાર આપવામાં આવશે.

# રિક્ષામાં દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ભોયણ પાસેથી પકડાયા

## વ્હિસ્કી અને જીનની ૨૨ બોટલો સાથે બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૯

જિલ્લાના કલોલ તાલુકાના ભોયણથી વડસર રોડ તરફ જઈ રહેલી એક સી.એન.જી રિક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીને આધારે ભોંયણ પાસે સાંતેજ પોલીસે વોચ ગોઠવી રિક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને દબોચી લીધો હતો. રિક્ષામાં વ્હિસ્કી અને જીનની ૨૨ બોટલો સાથે જઈ રહેલા બે શખ્સોની ધરપકડ કરી ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

સાંતેજ પોલીસ સ્ટેશનની એક ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ભોયણ તરફથી આવી રહેલી સીએનજી રીક્ષા નંબર જીજે૦૧ સી.વાય ૧૭૦૨માં વિદેશી દારૂનો જથ્થો ભરીને વલસાડ તરફ લઈ જવાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ટાટા હાઉસિંગ સામેના રસ્તા પર વોચ ગોઠવી દીધી હતી. તે દરમિયાન બાતમી વાળી રીક્ષા પસાર થતા સ્પીડબ્રેકર પાસે રીક્ષાની સ્પીડ ધીમી થતા પોલીસે કોર્ડન કરી રીક્ષા ઉભી રખાવી દીધી હતી. રીક્ષામાં તો તમારે તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

વ્હિસ્કીની ૧૨ બોટલ અને જીનની ૧૦ બોટલ મળી કુલ રૂ.૮૩૦૦ની કિંમતની ૨૨ બોટલો રીક્ષામાંથી મળી આવતા સાંતેજ પોલીસે દારૂનો જથ્થો અને રિક્ષા જપ્ત કરી લીધી હતી. પોલીસે અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતા રીક્ષાચાલક દિલીપ રાજુભાઈ પારેખ અને ન્યુ રાણીપ વિસ્તારમાં રહેતા જીગ્નેશ સતિષભાઈ દરજી મળી બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા તે બાબતે પૂછપરછ કરવામાં આવતા પોતાના પીન્ટુ નામના શખ્સનું નામ ખૂલ્યું છે. સાંતેજ પોલીસે તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

## ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ૧૦ જૂન ૨૦૧૮ના રોજ સવારે ૮ થી ૧૨ વાગે મનુભાઈ પંચવટી ચેરીટેબલ ટ્રસ્ટ અપોલો હોસ્પિટલ તેમજ ગાંધીનગર જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા પોલીસ કર્મીઓના લાભાર્થે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# આજે અમદાવાદની સાયકલોથોનમાં જિલ્લાના ૧૫૦ સાયકલસવારો જોડાશે

ગાંધીનગર, તા.૯

આજે રવિવારે ગ્રામ વિકાસ કમિશ્નરેટ અને આદિત્ય મહેતા ફાઉન્ડેશનના સહયોગથી અમદાવાદ ખાતે યોજાયેલ સાઈકલોથોનમાં જિલ્લાના ૧૫૦ જેટલા સાયકલવીરો જોડાશે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા પર્યાવરણ જાળવણી તથા પ્લાસ્ટિકના ન્યુનતમ ઉપયોગ અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી અમદાવાદ એજયુકેશન સોસાયટીના ગ્રાઉન્ડથી થલતેજ સુધીની સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાયકલોથોનમાં ગાંધીનગર જિલ્લાના સાંતેજ, રાંચરડા, વડસર, અડાલજના ૧૫૦થી વધુ સાયકલવીરો જોડાશે.

સવારે ૫.૩૦ કલાકે શરુ થનાર આ સાયકલોથોન એઈએસ ગ્રાઉન્ડથી શરુ થશે જે થલતેજ સંજીવની હોસ્પિટલ ત્યાંથી વનમોલથી જમણીબાજુ અને ત્યાંથી જીએમડી ગ્રાઉન્ડથી યુટર્ન લઈ ફરી પાછુ વૈષ્ણવ હવેલીથી ડાબી બાજુ રામદેવ મંદિરથી જમણી બાજુવાળી હેવમોર રેસ્ટોરન્ટ થી મેનેજમેન્ટ એડકવીન્સ થઈ સંજીવની હોસ્પિટલ થઈ એઈએસ ગ્રાઉન્ડ પર પરત ફરશે.

આ સાયકલોથોનમાં ૭૫૦થી વધુ સાયકલ સ્વારો જોડાશે. આ સાયકલ સ્વારો ૫ કિમી અને ૧૦ કિમીનું અંતર કાપશે. તમામ સાયકલ સ્વારોને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવનાર છે.

આજે રજાનો દિવસ હોવા છતાં જિલ્લા તંત્રના અધિકારીઓ આ સાયકલોથોનના આયોજનમાં વ્યસ્ત રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

ઉજવે છે

'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ

A ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ

પાંદડું લીલું ને રંગ રાતો

તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

B 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે જાણીતા વક્તા શ્રી જય વસાવડાની પસંદગીના ગીતોનો કાર્યક્રમ

પ્યાર ઝિંદગી હૈ....

પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા

તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

નીરજ પાઠક | સજ્ની શાહ | નયના શર્મા | પંકજ પાઠક

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૫૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૮૫૦/- (વાર્ષિક)

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી પરાગ શુક્લ(મો) ૯૯૭૮૪૦૫૯૪૩,૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૫૧૪૩૬
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ કાર્યક્રમ- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ